શ્રી મહાવીરસ્વામિને નમઃ

પરમોપાસ્ય શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરેભ્યો નમઃ



# શ્રી વિ. નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ સ્મૃતિ શ્રેણિ

## પુસ્તિકા ૨

સંસારના પાપ-તાપ-સંતાપને દૂર કરનાર, આધિ વ્યાધિને ઉપાધિનો નાશ કરનાર, શાંતિ, સમતા ને સમાધિ આપનાર

# 卐 શ્રી નવકાર મંત્ર આરાધના-પ્રભાવ 卐

જેના હૈયે શ્રી નવકાર, તેને શું કરશે સંસાર। નવ લાખ જપંતા નરક નિવારે, તે પામે ભવનો પાર ॥ (શ્રી જિન શાસનનો સાર નવકાર ચૌદ પૂર્વમાંથી ઉધરેલ છે)

પ્રેરણા દાતા

પ.પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ

પ.પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ

સંચયકાર મુનિ કુશલચંદ્રવિજયજી મ.

સૌજન્ય

શ્રી મોતીશા લાલબાગ ચેરીટી ટ્રસ્ટના જ્ઞાન ખાતા તરફથી
પ. પૂ. સાધુ-સાધ્વીજી મહારાજશ્રીઓ તથા જ્ઞાન ભંડારોને ભેટ
ભુલેશ્વર, પાંજરાપોળ કમ્પાઉન્ડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

સંવત ૨૦૩૬ આવૃત્તિ ત્રીજી સને - ૧૯૮૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## -: શ્રી વિજય નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ સ્મૃતિ શ્રેણિઓ :-

( પ્રકાશન પ્રારંભ-સં. ૨૦૩૩ પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪૦૦ ૦૦૪. )

| શ્રેણિ નંબર | પુસ્તિકાનું નામ | આવૃત્તિ | કુલ સંખ્યા |
|---|---|---|---|
| (૧) | શ્રી ૭ કર્તવ્યોના મંગલમય નિયમાવલી | આઠ | ૧૯૦૦૦ |
| (૨) | નવકારમંત્ર આરાધના - પ્રભાવ | ત્રણ | ૧૨૦૦૦ |
| (૩) | બાવીસ અભક્ષ્યો-બત્રીસ અનંતકાય | પાંચ | ૧૫૦૦૦ |
| (૪) | માનવભવમાં માર્ગાનુસારીના ૩૫ ગુણો | ચાર | ૧૩૦૦૦ |
| (૫) | શ્રી અષ્ટ પ્રકારી દેવપૂજન વિધિ | ચાર | ૧૩૦૦૦ |
| (૬) | ગૃહસ્થ ધર્મના બાર વ્રતો | ચાર | ૧૩૦૦૦ |
| (૭) | હૈયાની શુદ્ધિ-મૈત્રિ ચાર ભાવનાઓ | ત્રણ | ૧૨૦૦૦ |
| (૮) | શ્રી અચિંત્ય ચિંતામણી સામાયિક | ત્રણ | ૧૨૦૦૦ |
| (૯) | મહામંગલકારી તપોધર્મ ને વીશ સ્થાનક તપ | ચાર | ૧૩૦૦૦ |
| (૧૦) | અંતિમ સમાધિ મરણ | ત્રણ | ૧૨૦૦૦ |
| • | દશ પુસ્તિકાની માર્ગદર્શીકા (પ્રશ્નોત્તરી) | એક | ૩૦૦૦ |

• એક લાખ સાડત્રીસ હજાર ... ... ... ... ... કુલ્લે સંખ્યા : ૧,૩૭,૦૦૦

## -: બીજી પુસ્તિકાનો ચિત્ર પરિચય :-

**ચિત્ર નંબર ૧:** શ્રી નવકાર મંત્રની નવ દિવસના એકાસણાથી થતી જઘન્ય આરાધનાનું ચિત્ર.

**ચિત્ર નંબર ૨:** શ્રી નવકાર મંત્રની વીસ દિવસની ખીરના એકાસણા સહિત ૫૦૦૦ ફુલથી થતી મધ્યમ આરાધનાનું ચિત્ર.

**ચિત્ર નંબર ૩:** શ્રી નવકાર મંત્રની ૧૮ દિવસના પહેલા ઉપધાન તપની ઉત્કૃષ્ટી આરાધનાનું ચિત્ર.

**ચિત્ર નંબર ૪:** શ્રી સસરાના કહેવાથી શ્રીમતીએ સાપના ઘડામાંથી શ્રી નવકાર મંત્રના પ્રભાવથી ફુલની માળા લઇ આપી તેનું ચિત્ર.

**ચિત્ર નંબર ૫:** શ્રી નવકાર મંત્ર શિલા ઉપર કોતરેલ તે જોઇ વાંદરાએ પોતાનો ભવાંતર સુધાર્યો તેનું ચિત્ર.

**ચિત્ર નંબર ૬:** શ્રી નવકાર મંત્ર સાંભળી થતા પ્રભાવથી સમડી-ભરૂચમાં સુદર્શન રાજકુમારી તરીકે થઇ તેનું ચિત્ર.

પાંચ ચિત્રોનું સૌજન્ય } શ્રી દેશાઇ પોળ જૈન પેઢી ઠે. ગોપીપુરા મેઇન રોડ, સૂરત.

એક ચિત્રનું સૌજન્ય } શ્રી ગુલાબચંદ વીરચંદ ચોકસી ઠે. નાની દેશાઇ પોળ, સૂરત. હ સુરજબેન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# —: પ્રાસંગિક :—

## ◎ દરેક ધર્મમાં દેવગુરૂના વંદન–નમસ્કારની મહત્તા :–

**બૌધોની માન્યતા :–** બુદ્ધો ધર્મ અને સંઘ એ ત્રિરત્નને વંદન કરે છે અને તેના દ્વારા સદ્‌ગુણોનો વિકાસ થાય તેમ માને છે. (બૌદ્ધચર્યા પદ્ધતિ.)

**વૈદિકોની માન્યતા :–** દેવતા-ગુરૂઓ કુલના આચાર્યો, જ્ઞાનવૃદ્ધી, તપસ્વીઓ પોતાનાથી અધિક વિદ્વાનો તથા પોતાના ધર્મમાં સ્થિર મનુષ્યોને વંદન કરે છે. અને તેના દ્વારા આયુ, વિદ્યા, કીર્તિ અને બળની વૃદ્ધિ થાય છે તેમ માને છે. (મનુસ્મૃતિ ૨/૧૨૧.)

**જૈનોની માન્યતા :–** પંચપરમેષ્ઠીને (અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ) ભકિતભાવથી વંદન કરે છે અને તેના દવારા સર્વ પાપોનો નાશ થાય છે એમ માને છે. (એસો પંચનમુકકારો–સવ્વપાવ્વપણાસણો.)

આ રીતે વંદન–નમસ્કાર દરેક ધર્મમાં છે અને તે [illegible] છે તેનાથી ઉન્નતિ, વિકાસ અને આત્મકલ્યાણ થાય છે તે નિશ્ચીત છે. [illegible]

◎ આત્માની આધ્યાત્મીક સફળતા માટે [illegible] પૂર્વસેવારૂપ યોગબીંદુમાં દેવ અને ગુરૂનું વંદન–પુજન કરવાનું જણાવેલ છે.
(પ્રારંભમાં દેવ–ગુરૂની પૂજા કરવી તેને પુર્વસેવા કહેવામાં આવે છે.)

◎ શ્રી ઉતરાધ્યયન સૂત્રના ૨૯માં અધ્યયનમાં જણાવ્યું છે કે :–

શ્રી ગૌતમ સ્વામિ પુછે છે! હે ભગવંત! વંદનથી શું ફળ મળે? હે ગૌતમ! વંદનથી ઉચ્ચગૌત્ર, સૌભાગ્ય અને લોકપ્રિયતા મળે છે.

◎ વંદનથી આઠે કર્મો પાતળા પડે છે. (યોગશાસ્ત્ર)

હે ભગવાન! વંદન–પૂજનથી જીવને શું પ્રાપ્ત થાય છે? હે ગૌતમ!

[૧] આત્મા ગાઢ બંધનવાળી આઠે પ્રકૃતિઓને શિથિલ બંધનવાળી કરે છે.
[૨] ચિરકાલની સ્થિતિવાલા (અષ્ટકર્મ)ને અલ્પકાલની સ્થિતિવાળા કરે છે.
[૩] તીવ્ર અનુભાવવાલા (અષ્ટકર્મ)ને મંદ અનુભવવાલા કરે છે.
[૪] બહુ પ્રદેશવાળા (અષ્ટકર્મ)ને અલ્પપ્રદેશવાલા કરે છે.

તેથી તે જીવ અનાદિ અનંત સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

## ◎ આત્મ વિશુદ્ધિપ્રાપ્તિ :–

ચોવીશ તીર્થંકરો તથા અરિહંતો અને સિદ્ધોને ભાવપૂર્વક લોગસ્સ વડે વંદન કરવાથી તે આત્માની દર્શનાચારની શુદ્ધિ થાય છે.

"એવંમએ અભિથુઆ વિહુયરયમલા પહીણજરમરણા ચઉવી સંપિજિણવરા–તિત્થયરામેપસીયંતુ કિત્તિયવંદિમયહિયા જેઍલોગસ્સ ઉત્તમાસિદ્ધા આરુગ્ગબોહિલાભ સમાહિવરં મુત્તમં દિંતુ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :** એ પ્રમાણે મારાથી સ્તવાએલ કર્મરજ રાગાદિમળથી રહિત બનેલા અને જરાવસ્થા તથા મૃત્યુથી મુકત થયેલ ચોવીશે તીર્થંકરો **મારા પર અનુગ્રહ** કરો **કીર્તન-વંદન,** પુજન કરાએલ લોકમાં જે ઉત્તમ છે તે મને આરોગ્ય (**વીતરાગતા**), **બોધિલાભ** અને **ઉત્તમ સમાધિ** આપો.

◎ ગુરૂને વંદન સુખ, સંયમ યાત્રાના પ્રશ્ન પૂછીને તેમજ જાણુતા અજાણુતા આશાતના માટે મન-વચન-કાયાથી ક્ષમા માગે છે જેથી **જ્ઞાનાચારની** શુદ્ધિ તે આત્માની થાય છે.

◎ जिनेषु कुशलं चित्तम्, तन्नमस्कार एव च ।
**प्रणामादि च संशुद्धं**, योगबीजमनुत्तमम् ॥ (श्री हरिभद्रसूरि)

જિનેશ્વરોને વિષે કુશળ ચિત્તને મુકવું.

વચન વડે નમસ્કાર કરવો તેમ કાયા વડે પ્રણામ કરવો તે ત્રણ **ઉત્તમમાં ઉત્તમ યોગ બીજ છે.**

◎ જિનસ્વરૂપ જે જિન આરાધે, તે જિનવર સમ હોવે ।
ઇલિકા ભૃંગી ચટકાવે, તે ભૃંગી જગ જોવે ॥ (આનંદ ઘનજી)

જે જિનવરને પૂજે સેવે તે જિનવર અવશ્ય થાય
જેમ ભમરી **ઇયલને ચટકો મારી** પોતાના દરમાં લઇ જાય ને ત્યાં મુકીને બહાર ચાલી જાય, ઇયલ વિચારે છે કે હું ભમરી હોત તો હું પણ ઇયલ લાવતે તે ભમરીના ધ્યાનમાં મરી **ઇયલ મટી ભમરી** બને છે.

◎ જિનેશ્વરનું પૂજન ચાર પ્રકારે (નિક્ષેપે) સમજવાનું છે.
**નામ સ્થાપના દ્રવ્ય** અને **ભાવ** તે સમજવા માટે

| | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| **ઘડીયાળનું દ્રષ્ટાંત** | **નામ** | **સ્થાપના** | **દ્રવ્ય** | **ભાવ** |
| | ઘડીઆળનું નામ | ઘડીયાળનું ચિત્ર | બનાવટી-વેચાતી છોકરાની ઘડીયાળ | સાચો ટાઇમ બતાવતી-સાચી ઘડીઆળ |

તેમ [૧] પ્રભુનું નામથી સ્મરણ કરીને **નામ** નિક્ષેપો તે **નામ** જિન
[૨] મૂર્તિ-ફોટો તે **સ્થાપના** નિક્ષેપો તે **સ્થાપના** જિન
[૩] ભાવિમાં તીર્થંકરો થવાના હોય તે **દ્રવ્ય** જિન
(શ્રેણિક રાજા-મરીચી વગેરે)
[૪] તીર્થંકરો સાક્ષાત વિચરી રહ્યા છે તે ભાવ જિન
ઉપર મુજબ ચાર પ્રકાર પ્રભુભકિતના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વાંદરો નવકારના અક્ષરો જોઇ પામી ગયો

દેવલોકના દેવે અવધિજ્ઞાનથી જોયું કે હું મરીને કયાં ઉત્પન્ન થવાનો છું તેને જ્ઞાનથી જાણ્યું કે વાંદરો થવાનો છું જે જંગલમાં ઉત્પન્ન થવાનો હતો ત્યાં જઈ ત્યાં પત્થરની શીલાઓ હતી તેના ઉપર નવકારમંત્ર અક્ષરો કોતરી દીધા દેવ ત્યાં વાંદરા તરીકે જન્મ્યો-નવકારમંત્ર કોતરેલી શિલા જોઇ-વિચારવા લાગ્યો કે મેં આવું કાંઇ જોયું છે? વિચારતાં વિચારતાં જાતિસ્મરણ જ્ઞાન થયું પોતે વાંદરાના ભવમાં પોતે નવકારમંત્ર સ્મરણથી પોતાનો ભવ સુધારી ગયો.

નદી કીનારાના છોડવા ઉગેલા હોય છે ને તાડ જેવાં મોટા ઝાડો પણ હોય છે. નદીમાં પુર આવે નેતરના છોડ નમી જાય તે બચી જાય છે ને મોટા ઝાડો અક્કડ રહે છે તે ફેંકાઇ જાય છે. તેમ સમર્પણ ભાવથી પ્રભુનું શરણું સ્વીકારવું જોઇએ.

## નવકાર મંત્ર શાશ્વતો અને અનાદિના છે

નવકાર-કરેમિભંતે-નમુથ્થુણં એ ત્રણ શાશ્વતા છે.

## સમર્પણ ભાવ

સ્મરણ-જલ્પન-દર્શન-ને સ્પર્શન એકેક પ્રભુની વધારે ને વધારે નજીક લાવે છે **નમે તે સૌને ગમે.**

દાંત અકકડ રહે છે. જીભ નરમ રહે છે. જન્મે ત્યારે જીભ સાથે આવે છે ને મરે ત્યાં સુધી સાથે રહે છે કારણ તે નરમ છે જેમ વાળો તેમ જીભ વળે છે. દાંત જન્મ્યા પછી આવે છે ને મરણ પહેલાં ચાલ્યા જાય છે કારણ તે અકકડ રહે છે ફેંકાઇ જાય છે તેમ નમ્ર બની સમર્પણ ભાવ લાવવાનો છે.

## મુંબઇ પ્રાર્થના સમાજનું અનુભવ દષ્ટાંત

### સૂત્રોનાં ઉચ્ચાર સંભળાવવાથી રોગ સારો થયો

પ્રાર્થના સમાજના દેરાસરે એક ફેરેબન જઇ આવેલ યુવાન દરરોજ કલાક બે કલાક ભકિત કરે તે સ્થળે ૨૦૧૪ માં હાલ પૂ. આચાર્ય મહારાજશ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ ચાતુર્માસ સ્થિર રહેલ તે આ યુવાનને દરરોજ કલાક બે કલાક ભકિત કરવાં જતાં જોઇ તે યુવાનને એક સમયે બોલાવ્યો ભાઇ? તને આટલી બધી ભકિત કરવા માટે ભાવ શાથી થયો! કોઇ કારણ છે!

તે યુવાને કીધું સાહેબજી! મારા જીવનમાં મને તેવો અનુભવ થયો છે જેથી મારી શ્રદ્ધા મજબુત થઇ છે તેથી ભકિત કરૂં છું. તો ભાઇ તારા જીવનમાં શું બન્યું તે કહે!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે યુવાને કીધું મારા સસરાને ૭ દીકરી ને હમો ૭ જમાઇ છીએ અને છોકરો એકનો એક છે લક્ષ્મીની છોળંછોળ છે. કમીના નથી છોકરો જે મારો સાળો થાય તે ૨૫ વરસનો યુવાન તરત જ લગ્ન કરેલા પરંતુ લગ્ન કર્યા પછી ૭ મહિનામાં માંદો પડયો.

ભારતભરના ડોકટરોની દવા કરી પરંતુ કંઈ ફેર પડયો નહિં બધા નિરાશ થયા. કોઇએ કીધું કે ફોરેઇન જમનીમાં ડોકટર છે તેને બોલાવો-સંપર્ક સાધો તો કીધું કે દરરોજની લાખ રૂપીઆ ફી ત્રણ દિવસથી વધારે રોકાવું નહિં ને પ્લેઇન ભાડા ખરચ અલગ. છોકરો એક, પૈસાની છુટ પૂછવું જ શું ! કબુલ કયું. બોલાવ્યો ને આવ્યો.

ભારતભરના સારા ડોકટરે ટ્રીટમેન્ટ કરી હતી તે બધાની કોન્ફરન્સ કરી નીદાન કયું. ટ્રીટમેન્ટ કરેલી સાંભળી પછી પોતે ટ્રીટમેન્ટ ચાલુ કરી. ત્રણ દિવસ થયા. સુચનો કરી ભારતના ડોકટરોને બતાવી જમની ચાલ્યો ગયો

તેણે બતાવેલ દવા કરી પરંતુ ફેર પડયો નહીં. બધા નીરાશ થઈ કલ્પાંત કરે છે તેવામાં ઘરમાં પોતાની દાદીમાં ૮૦ વરસની બુઢ્ઢી હતી તેને કીધું કે દીકરાઓ તમો બધાએ દવા કરી હવે હું કહું તેમ કરવા તૈયાર છો? થાકયાં હતા હવે કીધું મા તમો કહો તે કરવા તૈયાર છીએ તે બચી જાય તેવું કાંઇ બતાવો. ડોસી કહે હું અઠ્ઠમ કરી ખુણામાં ધ્યાન ધરવા બેસું છું મને બોલાવવી નહીં. તમો બાર જણા (૭ જમાઇ ૭ દીકરી) સવારથી સાંજ ૧૨ કલાક રાતના ૧૨ કલાક ૨૪ કલાક બે બે કલાક આપો ને અખંડ જાપ કરો તો તેનું પુણ્ય આયુષ્ય હશે ! ફેર પડશે ! બધાયે ત્રણ દિવસ સુધી નવકાર–કરેમીભંતે–નમુથ્થુણં ને ઉવસગ્ગહરં ને લોગ્ગસ પાંચ સુત્રો વારાફરતી સંભળાવવા શરૂ કર્યા.

ત્રણ દિવસ સંભળાવતા પૂરા થાય તે પહેલાં આંખ ખોલી પાસું ફેરવ્યું. ડોકટરો આવ્યા, આશ્ચર્ય પામ્યા. આજે તે જીવતો છે તેથી મને શ્રદ્ધા થઇ. હું ભકિત કરૂં છું માટે અક્ષરો મંત્રાક્ષરો છે.

## ◉ અરિહંતના નામથી આરાધના

**[૧] નામથી આરાધના ◉ મહાપુરૂષોના નામથી કર્મના ક્ષય થાય છે.**

જેમ જેમ નામનું રટણ અસ્થિ મજ્જા થાય ઓપપ્રોત થાય. જેથી ચીત્તની સ્થિરતા આવે છે. શ્વાસોશ્વાસ ચાલે જરાપણ શ્રમ પડતો નથી ખબર પડતી નથી તેમ અસ્થિ મજ્જા "અરિહંત" શબ્દ બોલાવો જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ⊛ નામ એ અક્ષર છે તેની અસરો

⊛ તાર–ટપાલમાં સમાચારો સારા આવે તો આનંદમાં આવી જઈએ ખરાબ આવે તો નિરાશા આવી જાય.

તાર-ટપાલમાં ફક્ત અક્ષરો છે છતાં કેટલી અસર ?

⊛ પ્રભુના નામથી ગોશાલાએ ઘર–મહોલ્લો બાળી નાંખ્યા હતા.

⊛ "રામ નામે પત્થર તરે" એ કહેવત પ્રચલીત છે ભાવાર્થ શું ?
સીતાને રાવણ લંકામાં લઈ ગયો–રામ લક્ષ્મણ વગેરે લશ્કર લઈ નીકલા છે વચ્ચે સમુદ્ર આવ્યો શું કરવું ? બધા વિચારમાં પડયા ! તે સમયે આજના જેવા સાધનો નહિં ! હનુમાને કીધું હું પુલ બાંધી બધાને સામે પાર લઈ જાઉં આત્મ વિશ્વાસ શ્રદ્ધા રાખો ? રામે આજ્ઞા આપી

⊛ હનુમાને લશ્કરને કહી દીધું કે બધાએ એકેકો પત્થર–રામનું નામ દઈને દરિયામાં મુકો. બધાએ પત્થરો મુકયા –પાણીમાં તરતા રહ્યા ને તેના ઉપર થઈ લંકામાં પહોંચી ગયા.

સીતાને લઈ રામ પણ આવ્યા ત્યારે રામે હનુમાનને પૂછ્યું કે પત્થરો કેવી રીતે તરતા રહ્યા એનું મને આશ્ચર્ય થાય છે.
હનુમાન કહે આપનાં નામ દઈ પત્થરો મુકયા તે તરતા રહ્યા છે તેથી આપ તે સામે પાર ઉતરી ગયા.

રામ કહે લાવ હું પત્થર મુકું ? પરંતુ પત્થર તર્યો નહિ સમુદ્રના તલીએ બેસી ગયો ? હનુમાન ? આમ કેમ ? હમોએ આપનું નામ શ્રધ્ધાપૂર્વક દઈને પત્થર મુકેલ ? ને આપે તો પત્થર કેમ તરે છે તે જોવા તરતો મુકયો ? ક્યાંથી તરે ! માટે શ્રદ્ધાપૂર્વક નવકારનું નામ સ્મરણ કરવું જોઈએ

⊛ મનુષ્યોનાં નામ ઉપર કેટલી અસર ?

૧૦૦/૨૦૦ મનુષ્યો ઉંઘતા હોય–તેવામાં ભાઈચંદભાઈના નામના માણસોને કોઈ શોધવા એક માણસ આવે છે ભાઈચંદભાઈ–ભાઈચંદભાઈ બુમ પાડે છે પરંતુ તે નામનો જે મનુષ્ય હોય તેજ તરત જાગે છે બીજા બધા ઉંઘતા રહે છે ઉંઘ મૂર્છાવસ્થા છે છતાં કેટલી અસર ?

## ⊛ તિર્યંચો ને નામની અસર

❋ રબારી સેંકડો ગાય, ભેંસ, બકરા, ઘેટાં ચરાવા જાય છે. ચરાવનાર તેના જુદા જુદા નામો પાડે છે. ગંગા, જમના, સરસ્વતી. જેનું નામ રબારી બોલે તેજ ગાય–ભેંસ તરત આગળ આવીને ઉભી રહી જાય છે.
તીર્યંચો ઉપર પણ નામની અસર કેટલી !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવા વરસના ચોપડામાં કોનું પહેલું નામ લખો!

- શાલીભદ્ર, અભયકુમાર, ગૌતમસ્વામિ, બાહુબલી વગેરેના નામ લખો!

  મમ્મણ, કાલસૌરીક કસાઇનું નામ કેમ નથી લખતા? તમારો દુશ્મન છે? પહેલું બીલ કોનું બનાવો? ભદ્રીક, ભોળા ને સજ્જન સારા માણસના નામનું બનાવો છો?

- સારા વેપારીનો ગુમાસ્તો આવે તે ચીઠ્ઠી બતાવે અથવા ફલાણાને ત્યાંથી આવ્યો છું કહે તો હજારો રૂપીયા આપલે કરો છો?

- નાનો બાળક હોય બાવો આવ્યો બોલો કેવો ગભરાઇ જાય છે!

- બે છોકરા લડતા હોય કે મોટા લડતા હોય પરંતુ કોઇ સારો માણસ આવે લડતા રહી જાય છે. એક અક્ષર જ બોલે આ શું? શબ્દની કેવી અસર.

શ્રીપાળના રાસમાં વીમળેશ્વરયક્ષ કહે છે જે નવપદનું ધ્યાન ધરશે તેને હું સહાય કરીશ! આપત્તી વખતે મને જરૂર યાદ કરજો હું તમારો સાધર્મિક છું. નામથી દેવતાઓને યાદ કરવાથી સહાય કરે છે.

તીર્થંકરોના–અરિહંતોના નામો સાત્વીક છે અને ગુણ નિસ્પન્ન છે જેથી તેના નામ સ્મરણથી પાપો નાશ પામે છે. વંદિતા સૂત્રમાં કહ્યું છે કે:

॥ચીર સંચિય પાપ પણાસણાઇ, ભવસયસહસ્સ મહણીએ ચઉવીસ જિણ વિણીગય; કહાઇ વોલંતુ મેદિઅહા॥

ચોવીસ તીર્થંકરોની કથામાં મારા દિવસો જવાથી હજારો વરસોના પાપો નાશ થાય છે.

જહા વિષ કુત્થગયં, મંતમુલ વિસારયા।
વિજ્જ હણુંતી મંતેહી, તોતં હવઇ નિવિસં॥
ઝેર ચઢેલ હોય તો મંત્રોથી ઉતરી જાય તેમ સૂત્રો મંત્રાક્ષરો છે તેને યાદ કરવાથી અમે તેવા પાપો નાશ પામે છે.

એક ડોસી હતી તેનો એકનો એક છોકરો હતો તેને સર્પનું ઝેર ચઢેલ તે ડોસી આખી રાત "ઓ હંસ?" "ઓ હંસ?" કહી રડતી હતી તે મૂર્છા પામેલ છોકરાનું નામ હંસ હતું. અને "ઓ હંસ" એ મંત્રાક્ષર હતા તેના બોલવાથી છોકરાનું ઝેર ઉતરી ગયું ને જાગૃત થયો. અક્ષરોની કેવી અસર?

અક્ષરો મંત્ર સ્વરૂપ છે પરંતુ તેને જોડનાર યોજક મહાપુરૂષો છે પરંતુ તે અક્ષરની આરાધના વિધિપૂર્વક એકાગ્રતાપૂર્વક કરાય તો જરૂર તે સફળતા મેળવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ❀ વંદન નમસ્કાર માટે !

તીર્થંકરો. અરિહંતો. સિધ્ધો સર્વે વીતરાગ. રાગદ્વેષ રહિત છે. સર્વ કર્મનો ક્ષય કર્યો છે. અને જગતના ઉપકાર માટે માર્ગદર્શકો છે અને પરમપદને પ્રાપ્ત કરેલ છે તેના વંદન પૂજન નમસ્કાર કરવાથી આપણે તેના ગુણો મેળવી ગુણવાન બની ઉત્તમોત્તમ બનવાનું છે જેથી વંદન–પૂજન–સ્મરણ નમસ્કાર કરવાનો છે.

❀ **नमोअरिहंताणं** – સપ્તાક્ષરીજાપથી સંસારનો ઉચ્છેદ થાય છે.

❀ **अरिहंत सिद्ध** – ૭ અક્ષરી મંત્ર ૩૦૦ વાર અને **अरिहंत** ચાર અક્ષરનો મંત્ર ૪૦૦ વાર અને એક અક્ષર "अ" વર્ણને ૫૦૦ વાર જપનાર ઉપવાસનું ફળ થાય છે. એમ શ્રી હેમચંદ્રાચાર્યે યોગ શાસ્ત્રના આઠમા પ્રકાશમાં જણાવેલ છે.

❀ રોગીઓ જેના ગુણ જાણ્યા નથી તેવા રત્નો વગેરે રોગીના તાવ-સૂળ પ્રમુખ વગેરેને શમાવે છે તેમ પ્રશસ્ત ભાવવાલા સ્તુતિ સ્તોત્રો રૂપ ભાવરત્નો આત્માના કર્મ રોગોનો નાશ કરે છે.

❀ **अर्हं** એ પાંચપરમેષ્ઠીનું વાચક પદ છે શ્રી સિદ્ધચક્રનું આદિ બીજ છે— સર્વશાસ્ત્રોનું રહસ્ય ભૂત છે. સર્વ વિઘ્નોનો નાશ કરનાર છે તે કલ્પદ્રુપ સમાન છે પરંતુ તેનું એકાગ્રચિત્તે વિધિપૂર્વક પ્રણિધાન કરવાથી સૂર્વવાંછિત ફળ આપે છે.

## -: ખાસ અગત્યતાનું સૂચન :-

### (૧) જાપ સમયે ધ્યાન રાખવાની પાંચ બાબતો :

(૧) દરરોજનો નિશ્ચિત સમય એક જ રાખવો.

(૨) દરરોજનું આસન પણ એક જ રાખવું.

(૩) દરરોજ બેસવાની દિશા પણ એક જ રાખવી.

(૪) દરરોજની નવકારવાળી પણ એક જ રાખવી.

(૫) દરરોજના ગણવાના જાપની સંખ્યા પણ એક જ રાખવી.

### (૨) જાપ કરવાની સમજણ :

- મોક્ષ માટેનો જાપ અંગુઠાથી કરવો.
- ધન અને સુખ માટેનો જાપ મધ્યમાં આંગળીથી કરવો.
- શત્રુ દમન માટેનો જાપ તર્જની આંગળીથી કરવો.
- શાંતિ માટેનો જાપ અનામિકા આંગળીથી કરવો.
- આકર્ષણ કાર્ય માટેનો જાપ કનિષ્ઠિકા આંગળીથી કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) જાપ ચંચળ ચિત્તથી કરેલો તેમજ મેરૂ ઓળંગીને કરાએલો જાપ અને નખ લગાડીને કરાએલ જાપ લગભગ નિષ્ફળ જાય છે.

(૪) મન-વચન અને કાયાની એકાગ્રતા પૂર્વકનો જાપ સફળતા પામે છે તંબુરાના ત્રણ તાર સરખા ન હોય તો બેસુરો અવાજ આવે છે માટે જાપ એકાગ્રતાપૂર્વક કરવો.

(૫) નવકારવાળી પુરી થાય એટલે ફુમટાને આંખે લગાડી આંગળીથી નવકારવાળી પલટાવીને જ્યાંથી શરૂ કરેલ હોય તે મણકાથી ફરી ગણવાનું શરૂ કરવું.

(૬) સુતરની નોકારવાળીનો જાપ સદા સુખકારી છે. પલાસ્ટીક, લાકડાની નવકારવાળીનો જાપ અલ્પ ફળવાળો થાય છે.

(૭) ચાંદી પરવાલાં-સોનું અને મોતીની નવકારવાળી અનુક્રમે શાંતિ સૌભાગ્ય આરોગ્યની પુષ્ટી કરે છે

(૮) રત્ન સ્ફટિક નીલમ અને તેજસ્વી મણીની નવકારવાલીથી કરાતો જાપ હજારો ઉપવાસના ફળ ને આપનારો થાય છે.

(૯) શંખની નોકારવાળીથી કરાતો જાપ ૧૦૦ ગણો અને પ્રવાળની નોકારાવાળીથી ગણાતો જાપ એક હજાર ગણો સ્ફટિકની નોકારવાળીથી ગણાતો જાપ ૧૦ હજાર ગણો લાભ મળે છે.

(૧૦) પુત્રંજીવ નામની વનસ્પતિથી કરાતો જાપ અનંતગણો અને મોતીની માલાથી ગણાતો જાપ લાખ ગણો મળે છે સોનાની માલાથી કરાતો જાપ ૧૦ ક્રોડગણો લાભ મળે છે.

(૧૧) ચંદનની માલાથી કરાતો જાપ ૧૦૦ ક્રોડ ગણાતો લાભ રત્નમાલાથી ગણાતો જાપ ૧૨ હજાર ક્રોડ ગણો લાભ સુતરની માલાનો જાપ સંપૂર્ણ વિશિષ્ટ ફળની પ્રાપ્તિ કરાવે છે તેનાથી વધારે હાથના વેઢાથી ગણાતો જાપ અનેકગણો લાભ આપે છે.

(૧૨) નવપદાવર્તથી કરાતો જાપ કોડાકોડી ગણો લાભ આપનાર બને છે.

## શ્રી નવકાર જાપ મહિમા:

- એક અક્ષરના જાપથી ૭ સાગરોપમના પાપ જાય છે.
- એક પદના જાપથી ૫૦ સાગરોપમના પાપ જાય છે.
- એક નવકારના જાપથી ૫૦૦ સાગરોપમના પાપ જાય છે.
- એક બાંધા પારાની નવકારવાલીના જાપથી ૫૪૦૦૦ સાગરોપમના પાપ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી નવકાર મંત્રની આરાધના [illegible]

- ઉત્તમ ગણાતી દરેક ચીજ ગુરૂગમ પૂર્વક વિધિથી કરાયતો તે ફળવાળી બને છે.
- કલ્પવૃક્ષ ચિંતામણી રત્નો રાજા–પ્રધાનો શેઠ વગેરે મોટા માણસો પણ સેવા ભક્તિની અપેક્ષા રાખે છે ને તેમની વિધિ પૂર્વક સેવા ભકિત કરવાથી તે પ્રસન્ન થાય છે.
- આપના મહાનિશીથ આદિ સૂત્રોમાં નવકાર મંત્રની આરાધના માટે શાસ્ત્રકારોએ ત્રણ માર્ગો બતાવ્યા છે.

**પહેલો આરાધન વિધિ** :–શ્રી પંચ મંગલ મહાશ્રુત સ્કંધના ૧૮ દિવસના ઉપધાન વહન કરી ગુરૂ મુખે નવકાર ગ્રહણ કરે તે (અઢારીયું)

ઉત્કૃષ્ટ આરાધના

**બીજો આરાધન વિધિ** :–વીશ દિવસ આયંબીલ અથવા ખીરના એકાસણા કરી રોજના પાંચ હજાર નવકાર ગણી સફેત ફુલ પ્રભુને ચઢાવતા જપ જાપ કરવો તે મધ્યમ આરાધના

**ત્રિજો આરાધન વિધિ** :–નવ દિવસ એકાસણા કરી શ્રી નવકાર મંત્રના લઘુ તપની વિધિપૂર્વક આરાધના કરવી તે જઘન્ય આરાધન

**दिवा रात्रौ सुखे दुःखे, शोके हर्षे गृह सहिः ।**
**क्षुधि तृप्तौ गमे स्थान, ध्यातव्याः परमेस्ठीन ॥**

દિવસે કે રાત્રે, સુખમાં કે દુઃખમાં, શોકમાં કે હર્ષમાં, ઘેર કે બહાર–ભૂખમાં કે તૃપ્તિમાં, જવામાં કે રહેવામાં પરમેષ્ઠીઓનું ધ્યાન ધરવું જોઇએ.

## શ્રી નમસ્કાર મંત્રના ચાર નામો

**(૧) આગમિક નામ** :–શ્રી પંચ મંગલ મહાશ્રુત સ્કંધ.

- આ નામ શ્રી મહાનિશીથ સૂત્ર આદિ આગમોમાં છે.

**(૨) સૈદ્ધાન્તિક નામ** :–શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર.

- શ્રી નમસ્કાર મંત્રના મહિમાને સૂચવતાં ગ્રંથોમાં આ નામનો ઉલ્લેખ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) વ્યવહારિક નામ :-શ્રી નમસ્કાર મહામંત્ર.

- આરાધકોના હૈયામાંથી પરમેષ્ઠી પ્રત્યે ગુણાનુરાગથી જન્મેલું આ નામ છે.

(૪) રૂઢ નામ :- શ્રી નવકાર મંત્ર.

- આ નામ સામાન્ય બાલ-ગોપાલ લોક રૂઢિએ ચઢેલ નામ છે.

## નવકારના પદો-સંપદાઓ અક્ષરો

- નવકારના પદ ૯ છે • સંપદા ૮ છે.
- પાંચ પદના અક્ષરો ૩૫ છે • ચૂલિકાના ચાર પદોના અક્ષરો ૩૩ છે.
  - સંપુર્ણ નવકાર ૬૮ અક્ષર છે.

## શ્રી નવકાર મંત્રની નિત્ય આરાધના :

### (૧) શ્રી નવકાર મંત્રનું સ્મરણ સવારે અને રાત્રે સુતી વખતે કરવાનું છે.

- સવારે ઉઠતાં જ આંખ મીંચીને ૩-૯-૧૨ નવકારનું સ્મરણ કરી પછી શય્યા બહાર પગ મુકવો.
- રાત્રે સુતા સાત નવકાર ગણી આહાર પાણીનો ત્યાગ કરી સુવાનું છે. દરરોજ બને તો નવકારવાળી (એક બાંધા પારાની) ૧૦૮ નવકાર ગણવા જોઈએ.

### (૨) શા માટે ?

- ગારૂડીક મંત્ર બોલી સર્પનું ઝેર ઉતારી નાંખે છે તેમ નવકારમાં મંત્રાક્ષરો છે. તેનાથી સંસારના રાગદ્વેષનું ઝેર ચઢે નહિં અને ચઢયું હોય તો ઉતરી જાય છે.
- નોળીયો ને સર્પ બે લડે છે. જેથી નોળીયાને સર્પનું ઝેર ચઢે એટલે નોલવેલ નામની વનસ્પતિ સુંઘી આવી ઝેર ઉતારી નાંખે છે તેમ નવકારથી સંસારનું ઝેર ઉતરી જાય છે.
- વ્યવહારમાં કે વ્યાપારમાં નવું વરસ સફળ થાય માટે નવા ચોપડામાં શ્રી ગૌતમ સ્વામિજી શાલીભદ્રજી વગેરેના નામો લખાય છે તેમજ નવા વરસમાં પહેલું બીલ કોઈ સજ્જન પુરૂષનું નામ લખી વ્યાપાર શરૂ કરાય છે જેથી વરસ સારૂ અને અભ્યુદયવાળું જાય તેથી તેમ કરીએ છીએ.
- નવકાર મંત્રમાં દેવગુરુનું નામ સ્મરણ છે જેના નામ સ્મરણથી સંસારના પાપ તાપ-સંતાપ દુર થાય અને શાંતિ-સમતા સમાધિ પ્રાપ્ત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩) સવારે ૩ નવકાર શા માટે ?

• સંસારની સર્વ વસ્તુઓ જાણવાનો–જોવાનો સ્વભાવ આપનો છે પરંતુ જ્ઞાન અને દર્શન ઉપર કર્મોનો સમુહ આવેલો છે તે દૂર કરવા સારું વર્તન આપના જીવનમાં આવે તે માટે જ્ઞાનદર્શન અને ચારિત્રની આરાધનામાં દિવસ પસાર થાય જેથી ૩ નવકાર ગણવાનાં છે.

## ૭ રાત્રે સાત નવકાર શા માટે ?

• મરણ ક્યારે થવાનું છે તે ખબર નથી. સુતાં પછી પણ મરણો થાય છે. જેથી સંસારની સર્વ વસ્તુઓની મમતા મુર્છા રહી નહી જાય તે માટે વોસરાવાની છે,

• આહાર–ઉપાધિ–ને દેહ એ ત્રણ સંસારના સાધનો છે તે સર્વ સંસારમાં આવી જાય છે. તે કર્મ બંધ કરી સંસારમાં રખડાવે છે.

આલોકભય – પરલોકભય – મરણભય – આજીવિકાભય – ચોરભય
૧ ૨ ૩ ૪ ૫

આગભય – રાજ્ય ભય તે સાત ભયોને દુર કરવા સાત નવકાર ગણાય છે.
૬ ૭

(૪) • મંત્રનું **સ્મરણ–જલ્પન–દર્શન–સ્પર્શન** કરી આપને પ્રભુના જેવા બનવા માટે કરવાનું છે.

• જેથી વિચારોની શુદ્ધિ માટે વચન શુદ્ધિ વ્યવહાર શુદ્ધિ વ્યાપાર શુદ્ધિ આહાર શુદ્ધિ કરી હૈયાની શુધી કરવાની છે. જેથી સુગંધીમય જીવન બને.

## શ્રી નવકાર મંત્ર ભાવાર્થ સમજણ

પંચ પરમેષ્ઠી શું ! કોણ !

• પરમ ઉચ્ચ સ્થાને રહે તે પરમેષ્ઠી કહેવાય.
• અરિહંત અને સિદ્ધ એ બે દેવ છે.
• આચાર્ય–ઉપાધ્યાય ને સાધુ એ ત્રણ ગુરુ છે.
• પંચ પરમેષ્ઠીના ૧૨–૮–૩૬–૨૫–૨૭=કુલ્લે ૧૦૮ ગુણો છે.

## અરિહંત કોને કહેવાય ?

• અરિ એટલે શત્રુ • હંતાણં એટલે નાશ કરનાર કાર્ય શત્રુનો જેને નાશ કર્યો છે તેને મારો નમસ્કાર પહેલું પદ "નમો અરિહંતાણં" છે.

• વીતરાગ અરિહંત સર્વજ્ઞ – પરમાત્મા – બ્રહ્મા – વિષ્ણુ – મહાદેવ કે શંકર કોઇ પણ હોય જેને રાગદ્વેષ રૂપી શત્રુને જીત્યા છે તેને અરિહંત કહેવાય છે. ભાવરૂપી બીજોના અંકુરા રાગદ્વેષ ક્ષય થયા છે તે બ્રહ્મા–વિષ્ણુ–હરીહર જિન કોઇ પણ હોય તેને મારો નમસ્કાર છે.

• અરિહંત ભગવાને ચાર કર્મો જે આત્માના ગુણનો ઘાત કરનાર છે તેનો નાશ કરી કેવલ જ્ઞાન મેળવી સર્વજ્ઞ બન્યા છે ને સર્વ જીવોનો ઉપદેશ આપી વિચરી રહ્યા છે તે ઉપકારી છે જેથી અરિહંતને પહેલો નમસ્કાર કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧) ॐ શ્રી અરિહંતના બાર ગુણ

● સર્વજ્ઞ બન્યો પછી ચાર અતિશયો ને આઠ પ્રાતિહાર્ય મળી બાર ગુણ હોય છે.

(૧) અશોકવૃક્ષ :-દેવતાઓ સમવસરણ રચે છે ત્યાં અશોકવૃક્ષ દેવતા રચે તેની નીચે બેસી પ્રભુ દેશના આપે છે.

(૨) સુરપુષ્પવૃષ્ટિ :-એક જોજન પ્રમાણ પાંચ રંગના ફુલોની વૃષ્ટિ દેવો કરે છે.

(૩) દિવ્ય ધ્વનિ :-ભગવાનની વાણીને માલકોષ રાગથી વીણા, વાંસળી, વગેરે વાજીંત્રોથી દેવો સ્વરપૂરે છે.

(૪) ચામર :-રત્નજડિત સુવર્ણના સફેત ચામરો દેવતા વીંજે છે.

(૫) આસન :-ભગવાનને બેસવા રત્નજડિત સુવર્ણનું સિંહાસન દેવો રચે છે.

(૬) ભામંડલ :-ભગવાનની પાછળ ભામંડલ દેવતા રચે છે.

(૭) દુંદુંભી :-સમવસરણ વખતે દેવતાઓ દેવ દુંદુંભી વાજિંત્ર વગાડે છે.

(૮) છત્ર :-પ્રભુપૂર્વાભિમુખે બેસે છે ત્રણેબાજુ દેવતા પ્રતિબિંબ સ્થાપે છે ને ચારેબાજુ ત્રણ ત્રણ છત્રો દેવો રચે છે,

### ચાર પ્રભુના અતિશયો :

(૯) અપાયાપગમાતિશય :-

● ભગવાન વિચરતા હોય ત્યાં દરેક દિશામાં મળી ૧૨૫ યોજન પ્રાય: રોગ મરકી-વેર અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ-વગેરે થાય નહિં તે.

(૧૦) જ્ઞાનાતિશય :-ભગવાન કેવલજ્ઞાન વડે સર્વ લોકાલોકનું સંપૂર્ણ સ્વરૂપ જાણે છે.

(૧૧) પૂજાતિશય :-શ્રી તીર્થંકરો સર્વેને પૂજ્ય છે. સર્વ તેને પૂજવાની અભિલાષા કરે છે.

(૧૨) વચનાતિશય :-શ્રી તીર્થંકરની વાણી દેવ-મનુષ્ય અને તિર્થંચ સર્વે પોત પોતાની ભાષામાં સર્વેને સમજાય તેવી હોય છે.

## (૨) શ્રી સિદ્ધ ભગવંતના આઠ ગુણો :

● આઠે કર્મોના ક્ષય કરી-મોક્ષ સિદ્ધાવસ્થાને પામે છે જ્યાંથી તેમને ફરી જન્મ-મરણ કરવાં પડતાં નથી તેમને આઠ કર્મોના ક્ષયથી આઠ ગુણ ઉત્પન્ન થાય છે.

(૧) અનંત જ્ઞાન :- જ્ઞાનવરણીય કર્મના ક્ષયથી કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે અનંતા અનંત વસ્તુનું જ્ઞાન સર્વ પ્રકારે જાણે છે.

(૨) અનંત દર્શન :- દર્શનાવરણીય કર્મના ક્ષયથી કેવલ દર્શન પ્રાપ્ત થાય છે તેનાથી લોકાલોકનું સ્વરૂપ જુવે છે.

(૩) અવ્યાબાધ સુખ :- વેદનીય કર્મનો ક્ષય થવાથી સર્વ પીડાથી રહિત નિરૂપાધિક પણું પ્રાપ્ત થાય છે.

(૪) અનંત ચારિત્ર :- મોહનીય કર્મના ક્ષયથી આત્મસ્વભાવમાં સદા રહે છે.

(૫) અક્ષય સ્થિતિ :- આયુષ્ય કર્મના ક્ષયથી અક્ષયસ્થિતિ પ્રાપ્ત થાય છે. ફરી જન્મ મરણ કરવાં પડતાં નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org










Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) અરૂપીપણું :- નામ કર્મનો ક્ષય થવાથી શરીર હોતું નથી. અરૂપીપણું હોય છે.

(૭) અગુરૂ લઘુ :- ગોત્ર કર્મનો ક્ષય થવાથી ઉચ્ચ નિચ પણાનો વ્યવહાર રહેતો નથી. સર્વ સિદ્ધો સરખા હોય છે.

(૮) અનંત વીર્ય :- અંતરાય કર્મનો ક્ષય થવાથી અનંતી શક્તિ હોય છે.

**(૩) શ્રી આચાર્યના ૩૬ ગુણો :-** (પંચિંદ્રીય સૂત્રમાં આપેલા છે.)

૫ પાંચ ઈંદ્રિયના વિકારને રોકે તે.
૯ નવ પ્રકારની શિયળ વ્રતની વાડને ધારણ કરે તે.
૪ ચાર પ્રકારના કષાયથી મુકત તે
૫ પાંચ મહાવ્રતને પાળે તે.
૩ ત્રણ ગુપ્તિને પાળે તે.

૩૬ કુલ્લે ૩૬ ગુણો છે.

**૪ શ્રી ઉપાધ્યાયજી ભગવંતના ૨૫ ગુણો :-**

અંગ ૧૧ + ઉપાંગ ૧૨ પોતે ભણે અને બીજાને ભણાવે તે ઉપાધ્યાય

તેમજ ચરણસિત્તરી ૧ અને કરણસિત્તરિને ૧ પાળે

તે સર્વ મળી ૨૫ ગુણ ઉપાધ્યાયના છે.

**અગીગાર અંગોના નામો :-**

આચારાંગ ૧ – સૂયગડાંગ ૨ – ઠાણાંગ ૩ – સમવાયાંગ ૪

ભગવતી ૫ – જ્ઞાતાધર્મકથા ૬ – ઉપાસકદસાંગ ૭ – અંતગડ ૮

અનુત્તરોવવાઇ ૯ પ્રશ્ન વ્યાકરણ ૧૦ વિપાકસૂત્ર ૧૧

**બાર અંગોના નામો :-**

ઉવવાઇઅ ૧ – રાયપસેણી ૨ – જીવાભિગમ ૩ – પન્નવણા ૪

જંબુદ્વિપપન્નતિ ૫ – ચંદપપન્નતિ ૬ – સૂરપન્નતિ ૭ – કપ્પિયા ૮

કપ્પવડિંસિયા ૯ પુપ્ફિઆ ૧૦ પુપ્ફચૂલિઆ ૧૧ વન્હિદશાંગ ૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫) શ્રી સાધુ ભગવંતના સતાવીશ ગુણ:-

(૧) પ્રાણાતિપાત વિરમણ.
(૨) મૃષાવાદ વિરમણ.
(૩) અદત્તાદાન વિરમ.
(૪) મૈથુન વિરમણ.
(૫) પરિગ્રહ વિરમણ.
(૬) રાત્રી ભોજન વિરમણ.
(૭) પૃથ્વી કાયની રક્ષા.
(૮) અપકાયની રક્ષા.
(૯) તેઉકાયની રક્ષા.
(૧૦) વાયુ કાયની રક્ષા.
(૧૧) વનસ્પતિ કાયની રક્ષા.
(૧૨) ત્રસ કાયની રક્ષા.
(૧૩) સ્પર્શ ઇંદ્રિયનો નિગ્રહ.
(૧૪) રસે ન્દ્રિયનો નિગ્રહ.
(૧૫) ઘ્રાણે ઇંદ્રિયોનો નિગ્રહ.
(૧૬) ચક્ષુ ઇંદ્રિયનો નિગ્રહ.
(૧૭) શ્રોતે ઇંદ્રિયનો નિગ્રહ.
(૧૮) લોભ નિગ્રહ.
(૧૯) ક્ષમા ધારણ કરે.
(૨૦) ચિત્તની નીર્મલતા કરે.
(૨૧) વસ્ત્રાદિકનું પડિલેહણ.
(૨૨) સંયમ યોગમાં પ્રવૃતિ.
(૨૩) અકુશલ મનનો નિરોધ.
(૨૪) અકુશલ વચનનો નિરોધ.
(૨૫) અકુશલ કાયાનો નિરોધ.
(૨૬) પરિષહો સહન કરવાં.
(૨૭) મરણાદિક ઉપસર્ગો સહન કરવાં.

## શ્રી નવકાર મહિમા:

સમરો મંત્ર ભણો નવકાર, જે છે ચૌદ પુરવનો સાર;
એના મહિમાનો નહિં પાર, એનો અર્થ અનંત અપાર ॥ ૧ ॥ સમરો૦
સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિવસ તે રાત;
જીવતા સમરો મરતાં સમરો, સમરો સૌ સંગાથ ॥ ૨ ॥ સમરો૦
જોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક;
દેવો સમરે દાનવ સમરે, સમરે સૌ નિશંક ॥ ૩ ॥ સમરો૦
અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો, અડસિદ્ધિ દાતાર ॥ ૪ ॥ સમરો૦
નવપદ એના નવનિધિ આપે, ભવ ભવના દુઃખ કાપે;
વીર વચનના હૃદયે સ્થાપે, પરમાત્મ પદ આપે ॥ ૫ ॥ સમરો૦

## શ્રી નવકારવાલીના ૧૦૮ મણકાં શા માટે?

* શ્રી પંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણો મેળવા માટે
  ૧૨ ગુણ અરિહંતના, ૮ ગુણ સિદ્ધ ભગવંતના,
  ૩૬ ગુણ આચાર્યજીના, ૨૫ ગુણ ઉપાધ્યાયજીના,
  ૨૭ ગુણ સાધુ ભગવંતના.
* કુલ્લે ૧૦૮ ગુણ આપના છે તે આપને મેળવવા માટે જાપ કરવાનો છે.
* અનાદિ સંસારમાં આપને ૧૦૮ પાપો (અવગુણો) ભેગા કર્યાં છે તેને દુર કરવા ૧૦૮ મણકા નવકારવાલીના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* **સંરંભ** * કોઈ જીવને મારવાનો વિચાર: કરવો કરાવવો કે અનુમોદવો ત્રણ ભેદથી.

* તે ત્રણ ભેદને ક્રોધથી(૧)–માનથી(૨)–માયાથી(૩)–લોભથી(૪) તો ચાર ભેદે ગુણતાં ૧૨ ભેદ થયા.

* તે બાર ભેદને મનથી(૧), વચનથી(૨) ને કાયાથી(૩) ગુણતાં ૩૬ ભેદ થયા.

**સમારંભ** ● કોઈ જીવને પીડા ઉપજાવવી તે:–કરવી કરાવવી અનુમોદવી ત્રણ ભેદ થયા.

● તે ત્રણ ભેદને ક્રોધથી–માનથી–માયાથી–લોભથી તે ચાર ભેદે ગુણતા ૧૨ ભેદ થયા.

● તે બાર ભેદને મનથી–વચનથી કાયાથી ગુણતાં ૩૬ ભેદ થયા.

● **આરંભ** ● કોઈ જીવની હીંસા કરવી તે:– કરવી–કરાવવી, અનુમોદવી તે ત્રણ ભેદ થયા તે ત્રણ ભેદને ક્રોધથી–માનથી–માયાથી ને લોભથી ગુણતાં બાર ભેદ થયા તે બાર ભેદને મનથી વચનથી–કાયાથી ગુણતાં ૩૬ ભેદ થયા.

**સંરંભના (૩૬) – સમારંભના (૩૬) – આરંભના (૩૬) કુલ્લે ૧૦૮ પાપો (અવગુણો) તે દુર કરવા નૌકારવાલી ગણવાની છે.**

## –: નવના અંકની મહત્તા :–

| | | | |
|---|---|---|---|
| ૯ × ૧ = ૯ <br> નવ | ૯ × ૨ = ૧૮ <br> આઠ ને એક નવ | ૯ × ૩ = ૨૭ <br> સાત ને બે નવ | |
| ૯ × ૪ = ૩૬ <br> ૭ ને ત્રણ નવ | ૯ × ૫ = ૪૫ <br> પાંચ ને ચાર નવ | ૯ × ૬ = ૫૪ <br> પાંચ ને ચાર નવ | ૯ × ૭ = ૬૩ <br> ૭ ને ત્રણ નવ |
| ૯ × ૮ = ૭૨ <br> સાત ને બે નવ | ૯ × ૯ = ૮૧ <br> આઠ ને એક નવ | ૧૦ × ૯૦ <br> નવ | |

નવના આંકડાને અભંગ અંક કહેવાય છે.

નવપદનું સ્વરૂપ આપનું પોતાનું છે તે પ્રાપ્ત કરવા આરાધન કરવાનું છે.

મંત્ર માંહે મોટો કહ્યો એ, લાખગુણે મનરંગ ।
તીર્થંકર પદ તેલહે એ, શ્રીનવકારને સંગ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સર્વ શિરોમણી શ્રી મહા મંત્ર નવકાર :- શાશ્વતો અનાદિનો છે

| |
|---|
| નમો અરહિંતાણં, નમો સિદ્ધાણં નમો આયરિઆણં- નમો ઉવજઝાયાણં નમો લોએ સવ્વ સાહૂણં |
| એસો પંચ નમુક્કારો, સવ્વ પાવ પણાસણો મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં ॥ |

- દિવસનો થાક રાત્રે ઉતરી જાય છે તેમ-મન-વચન કાયાના પાપોનો થાક નવકાર મંત્રથી ઉતરી જાય છે.
- અંતરાત્મ ભાવ લાવનાર-ટકાવનાર-વધારનારને છેવટે પરમાત્મ ભાવ સુધી લઇ જનાર નવકાર મંત્ર છે.
- મન વચનને કાયાની એકાગ્રતા-ધ્યાન-ધ્યેયને ધ્યાતાની જેવી એકનિષ્ઠા તે રીતે નવકાર મંત્રમાં તદાકાર થવાય તો તરત ફળે છે.
- હરતાં ફરતાં-ઉંઘતાં-જાગતાં-ખાતા-પીતા સર્વ સ્થાને નવકાર-નવકાર નવકાર શ્વાસોશ્વાસની માફક ઓત પ્રોત બનાવી દો.

## શ્રી નવકાર મંત્ર મહિમાના દ્રષ્ટાંતો

(૧) કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજાએ પોતાની માતા (પાહિની) સાધ્વીજીના સ્વર્ગવાસ વખતે પુણ્યાર્થે એક ક્રોડ નવકારનો જાપ કર્યો હતો આવા મહા જ્ઞાની પુરૂષો પણ નવકાર મંત્રનો આશ્રય લે છે.

(૨) ચૌદ પૂર્વધર મહાપુરૂષો પણ અંત સમયે નવકારનું સ્મરણ કરે છે. મરતી વખતે સેંકડો વીંછીઓ કરડે તેવી વેદના થાય. તેના કરતાં વધારે વેદના જન્મ કરતાં મરણની વધારે થાય છે બધા શાસ્ત્રો ભુલી જાય ફકત નવકાર સ્મરણથી દુર્ધ્યાન ન થાય ને શુભ ધ્યાન રહે તે માટે નવકાર મંત્ર સંભળાવાય છે શાંતી-સમતા સમાધી અંતિમ સમયે રહે તો સદ્‌ગતિ થાય છે.

### (૩) ભીલ ભીલડીનું દ્રષ્ટાંત

- જંગલમાં રહેતા ભીલ ભીલડીને એક તપસ્વી સાધુ ભગવંતનો સમાગમ થયો ને જીવહિંસાનો ત્યાગ કર્યો ને નવકાર મંત્ર શીખ્યો તેનો જાપ કરવાથી તેના પ્રભાવે દેવલોકમાં ઉત્પન્ન થયા.

### (૪) શ્રીમતી શેઠાણી :

ધર્મારાધના બહુ કરતી. સસરાને ગમતું નહિં દ્વેષી બન્યો છોકરાને વાત કરી. પ્રેમ ઓછો કર્યો. સસરાએ બીજું લગ્ન કરાવવાના વિચારથી, મદારી પાસેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org










Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભયંકર સાપ લઇ ઘડામાં સાપને મુકયો ને ઘરના ખુણાના ઓરડામાં ઘડો મુકયો. બીજા દિવસે શ્રીમતીને ઘડામાંથી ફુલની માળા લાવવા સસરાએ ઓરડામાં મોકલી. શ્રીમતીએ અંધારામાં મંત્ર સ્મરણ કરી ઘડામાં હાથ નાંખ્યો. સર્પ ફુલની માળા થઇ ગઇ તે ફુલની માળા સસરાને લાવી આપી. સસરાને પતિ પણ પ્રભાવ જોઇ નવકારના ભકત બની ગયા.

## (૫) શુળીએ ચઢેલો ચોર દેવલોકમાં ગયો :

રાજાએ ચોરને શુળી ઉપર ચઢાવ્યો પાણીની તરસ લાગી પાણી પાણીની બૂમો પાડવા લાગ્યો. રાજાના હુકમથી કોઇ પાણી આપતું નથી.

તે રસ્તે જિનદાસ બહારગામથી આવી રહ્યો હતો. તેણે ચોરની બુમ સાંભળી પાણી લઇ આવવા કીધું ત્યાં સુધી. "નમો અરિહંતાણં" નો જાપ કરવા કીધું. જાપ કરે છે પરંતુ ભુલી ગયો જેથી "આણંતાણં" જાપ કરવા માંડયો. શેઠ આવે તે પહેલાં મરી ગયો ને દેવગતિમાં ઉત્પન્ન થયો.

## (૬) જિનદત્ત શેઠ નવકારથી બચી ગયો :

ગામના રાજાને નદીમાંથી બીજોરૂં મલ્યું. તેના મધુર સ્વાદથી બીજોરા ખાવાની તલપ લાગી બીજોરૂં લેવા જાય તેને અધિષ્ઠાયક મારી નાંખે. પરંતુ મરતાં બીજોરૂં નદીમાં નાંખે તે બીજોરૂં રાજા લઇને ખાતો

રાજાએ બીજોરૂં લાવવા ગામના માણસોના વારા બાંધ્યા. ચીઠી નીકળે તે બીજોરૂં લેવા જવાનું વારા બાંધ્યા. એક સમયે જિનદત્ત શ્રાવકનો વારો આવ્યો. તેણે બગીચામાં જઇ નવકાર મંત્રનો જાપ મોટા સ્વરે કરવા માંડયો. દુષ્ટદેવ કબજે થઇ ગયો ને ઘેર બેઠાં બીજોરૂં પહોંચાડવાનું કબુલ કરાવ્યું જેથી પોતાનું તેમજ ગામના લોકોને મરણથી બચાવ્યા.

(૭) સમડીના મરણ સમયે – મુનિ ભગવંતે નવકાર મંત્ર સંભળાવ્યો તે ભરૂચ નગરમાં સુદર્શના રાજકુમારી થઇને ભરૂચમાં જાતિ સ્મરણ જ્ઞાન થયું. ને "સમડી વિહાર મંદિર બંધાવ્યું હતું.

(૮) કમઠ તાપસ વારાણસીમાં યજ્ઞ કરી રહ્યો છે શ્રી પાર્શ્વકુમાર ત્યાં આવે છે યજ્ઞના લાકડામાં સર્પ બળી રહ્યો છે તેને સેવક પાસે નવકાર મંત્ર સંભળાવ્યો તે સર્પ મટીને "ધરણેંદ્ર" થયા ને પ્રભુનો ઉપસર્ગ કરતાં મેઘમાળીને અટકાવી પ્રભુની ભક્તિ કરી.

- શ્રીપાલ – મયણા. અમર કુમાર – રાણી રત્નવતી – (શિવકુમારે સોનાનો પુરૂષ કર્યો વગેરે અનેક દ્રષ્ટાંતો પ્રસિદ્ધ છે.
- મન–વચન કાયાની એકાગ્રતાથી વિધિપૂર્વક નવકાર મંત્રનું સ્મરણ કરવાથી પ્રત્યક્ષ ફળો મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી નવકાર મંત્રનો જાપ ગણનારનું સુંદર આદર્શ જીવનનું ગીત :

નવકાર મંત્રની હો? માળા છે હાથમાં.
સુખમાં છકાય નહિં ? દુઃખમાં રડાય નહિં ?
ભક્તિ ભુલાઈ નહિં હો....માળા છે ॥૧॥
ધન સંઘરાય નહિં ? એકલા ખવાય નહિં ?
મમતા રખાય નહિ ? હો...માળા છે ॥૨॥
જુઠું બોલાય નહિં ? ચોરી કરાય નહિં ?
કોઇને ઠગાઇ નહિં હો...માળા છે ॥૩॥
ક્રોધ કરાય નહિં ? કોઇને દુભાય નહિં ?
કોઇને નિંદાય નહિં હો...માળા છે ॥૪॥
હુંપદ ધરાય નહિં ? પરને પીડાય નહિં ?
પાપને પોષાય નહિં હો...માળા છે ॥૫॥
કુદષ્ટિ કરાય નહિં ? આળ દેવાય નહિં ?
ટાણું મરાય નહિં હો....માળા છે ॥૬॥
અભક્ષ્ય ખાવાય નહિં ? ટોકીઝ જોવાય નહિં ?
ચાંલ્લો લજવાય નહિં હો...માળા છે ॥૭॥
રાત્રે ખવાય નહિં ? હોટલમાં જવાય નહિં ?
વિવેક તજાય નહિં હો....માળા છે ॥૮॥
નીતિ છોડાય નહિં ? ફરજ ચુકાય નહિં ?
ભોગોમાં ફસાય નહિં હો....માળા છે ॥૯॥
બોલ્યું બદલાય નહિં ? આકરૂં બોલાય નહિં ?
ઉદ્‌ભટ્ટ વેષ પહેરાય નહિં હો...માળા છે ॥૧૦॥
કુળ લજવાય તેવું ? ધર્મ નિંદાય તેવું ?
કર્તવ્ય કરાય નહિં હો...માળા છે ॥૧૧॥
પૂજા ચૂકાય નહિં ! વ્યાખ્યાન મુકાય નહિં ?
નવકારસી કરાય સહિ હો...માળા છે ॥૧૨॥
કર્મોને તોડવા ? દોષોને ટાળવા ?
નવકાર ગણાય સહિ હો...માળા છે ॥૧૩॥
ધર્મ વિસરાય નહિં ? નવકાર ભૂલાય નહિં ?
ભવસાગર તરાય સહિ હો...માળા છે ॥૧૪॥
નિશ્રા મુકાય નહિં ? વિધિ ભૂલાય નહિં ?
મુક્તિ પમાય સહિ હો...માળા છે ॥૧૫॥

• જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો તેની ક્ષમાપના.

હર્ષા પ્રિન્ટરી, મુંબઈ-૯. ટે. નં. ૮૬૫૬૮૮-૮૬૫૫૬૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org